# 'પુરાતત્વ' સામયિક (1922) : પરિચય

**પ્રસ્તુત કર્તા**

**બકુત્રા અનિલ દાનાભાઈ**

**Ph.D. Research Scholar**

**ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા,**

**મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

---

**:સારાંશ:**

ગુજરાતી સામયિકનાં ઇતિહાસનો પ્રારંભ આમતો ઈ.સ. ૧૮૫૦ માં પ્રથમ ગુજરાતી સામયિક 'બુદ્ધિપ્રકાશ' ની શરૂઆતથી થયો હતો. ત્યારબાદ ગુજરાતી ભાષામાં અનેક નામી અનામી સામયિકો પ્રકાશિત થયા હતા કે જે શિક્ષણ, સાહિત્ય, રાષ્ટ્રવાદ, સ્ત્રી, બાળ, સામાજીક, ધાર્મિક વગેરે જેવા વિષયોને સ્પર્શતા હતા. પરંતુ પ્રાચીન ભારતીય અને ગુજરાતના શિલ્પ, સ્થાપત્ય, કલા, ધર્મ, તત્વજ્ઞાન, દર્શનશાસ્ત્ર જેના ઇતિહાસને સ્પર્શતા વિષયોને રજુ કરતું અલાયદું સામયિક એટલે 'પુરાતત્વ'. આજથી ૯૭ વર્ષ એટલે કે ઈ.સ. ૧૯૨૨માં શરુ થયેલ પ્રસ્તુત ત્રૈમાસિક ભારતની પ્રભાવશાળી અને વૈભવશાળી સંસ્કૃતિના વિવિધ પુરાતન પાસાઓ જેવા કે કળા, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ધર્મ ઉપર પ્રકાશ પાડતુ હોવાને કારણે તેનુ નામ 'પુરાતત્વ' રાખવામાં આવ્યુ હોય તેમ જણાય છે.

**સૂચક શબ્દો (Key Words) :**

- સાહિત્ય
- ગુજરાતી સામયિક
- ઇતિહાસ
- પુરાતત્વ

---

**ભૂમિકા :**

સામાન્ય રીતે સમગ્ર ભારતના પ્રાચીન ઇતિહાસ, કલા, શિલ્પ, સ્થાપત્ય, ધર્મ, તત્વજ્ઞાન, સાહિત્ય, દર્શનશાસ્ત્ર વગેરે સંબંધિત માહિતી તમામને સહજતાથી મળી શકે તેમજ પ્રાચીન ભારતના ગૌરવશાળી ઇતિહાસ, સભ્યતા અને સંસ્કૃતિથી જનસમુદાયને પરિચીત કરવાના ઉદેશ્યથી તા.૦૨/૧૦/૧૯૨૨ થી 'પુરાતત્વ' ત્રૈમાસિક શરૂ કરવામાં આવ્યું હતું જેની અત્રે ચર્ચા કરવામાં આવી છે.

**નામકરણ :**

જગતની પાંચ પ્રાચીનતમ સભ્યતા અને સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિનો સમાવેશ થાય છે. ભારતની પ્રભાવશાળી અને વૈભવશાળી સંસ્કૃતિના વિવિધ પુરાતન પાસાઓ જેવા કે કળા, સાહિત્ય,

શિલ્પ, સ્થાપત્ય, ધર્મ ઉપર પ્રસ્તુત સામયિક પ્રકાશ પાડતુ હોવાને કારણે તેનુ નામ 'પુરાતત્વ' રાખવામાં આવ્યુ હોય તેમ જણાય છે.

**સામયિકતા :**

'પુરાતત્વ' સામયિક ત્રૈમાસિક રૂપે પ્રગટ થતું હતુ. 'પુરાતત્વ' સામયિકના અંકો દર ત્રણ (૩) મહિને નિયમિત રૂપે પ્રગટ થતા હતા. પરંતુ ઓગષ્ટ-૧૯૨૫ (શ્રાવણ-૧૯૮૧) નો અંક પ્રગટ કરવામાં વિલંબ થયો હોવાનું માલુમ પડે છે. જેની માહિતી આ અંક પ્રકાશિત થયા બાદ અંકના પાછળના પૃષ્ઠમાં આપવામાં આવેલી છે અને આ સંદર્ભે સંપાદક જણાવે છે કે 'આ અંક પ્રગટ કરવામાં થયેલા વિલંબ માટે અમે અમારા ગ્રાહકોની ક્ષમા યાચીએ છીએ. ચોથો અંક કાર્તિક પૂર્ણિમાં ઉપર પ્રગટ કરવાની આશા રાખીએ છીએ. આ ઉપરાંત ઈ.સ.૧૯૨૬ (સવંત ૧૯૮૨) માં કોઈ કારણોસર પ્રસ્તુત સામયિકના બે અંકો સંયુક્તપણે પ્રગટ કરવામાં આવ્યા હતા. આવુ આ વર્ષમાં બે વખત બન્યુ હતુ એટલે કે આ વર્ષ માં બે વખતે બે અંકો સંયુક્તપણે પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ગુજરાતી માસ પ્રમાણે પોષ-ચૈત્ર અને શ્રાવણ –અષાઢ એમ બે વખત સંયુક્ત રૂપે અંકો પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

**સમયગાળો :**

'પુરાતત્વ' સામયિકની શરૂઆત ૨ ઓકટોબર ૧૯૨૨(આસો ૧૯૭૮) થઇ હતી. અત્રે એ બાબત નોંધપાત્ર છે કે પ્રસ્તુત ત્રિમાસિક નો પહેલો અંક ગાંધીજીની ૫૪મી જન્મજયંતિ નિમિતે પ્રકાશિત કરવામાં આવ્યો હતો. એટલે આ સામયિક નો પ્રથમ અંક તા.૦૨/૧૦/૧૯૨૨ ના રોજ પ્રગટ થયો હતો. આથી ઉપરોક્ત વિગત ના આધારે એમ કહી શકાય કે આ ત્રિમાસિક ૧૯૨૨-૧૯૨૭ દરમિયાન ૬ વર્ષો સુધી પ્રગટ થયું છે.

**ગ્રંથ સંખ્યા અને અંક સંખ્યા :**

તા.૦૨/૧૦/૧૯૨૨(આસો ૧૯૭૮) ના રોજ થી પ્રકાશિત થયેલ 'પુરાતત્વ' સામયિકના પ્રાપ્ય અંકોને આધારે જાણી શકાય છે કે આ ત્રૈમાસિકના ૫ ગ્રંથો અને ૧૮ અંકો તો નિશ્ચિતપણે પ્રગટ થયા હતા.

**ઉદેશ :**

પુરાતત્વ ત્રૈમાસિક ગુજરાત પુરાતત્વ મંદિર દ્વારા પ્રકાશિત થતુ હતુ. પ્રસ્તુત સામયિકના મોટા ભાગના અંકોની શરૂઆતમાં આ સંસ્થા અને સામયિકના ઉદેશ નીચે પ્રમાણે આપેલા છે.

૧. સાધરણ રીતે આખા હિન્દુસ્તાનના અને ખાસ કરીને ગુજરાતના પ્રાચીન ઇતિહાસ, સાહિત્ય, કળા, ધર્મ, તત્વજ્ઞાન વગેરે વિષયોની શોધખોળ કરવી અને તેના પરિણામો પ્રકાશિત કરવા.

૨. દેશ અને વિદેશની જુદી-જુદી ભાષાઓમાં લખયેલા પુરાતત્વ વિષયક સાહિત્યને ગુજરાતી ભાષામાં ઉતારવુ.

૩. શોધખોળના વિષયના અભ્યાસીઓને તેમના અભ્યાસકાર્યમાં દરેક પ્રકારની સાહિત્ય સંબંધી સહાયતા આપવી.

૪. દેશ-વિદેશના વિદ્વાનોને પુરાતત્વ વિષયમાં યથાસાધન સાહિત્ય સંબંધી સલાહ અને સહાયતા આપવા એક મંડળ તરીકે કામ કરવું.

**પ્રકાશ અને સંપાદક :**

'પુરાતત્વ' ત્રૈમાસિકના પ્રકાશક અને સંપાદક તરીકેની કામગીરી ગુજરાત પુરાતત્વ મંદિર, અમદાવાદના નેજા હેઠળ રસિકલાલ છોટાલાલ પરીખ બજાવતા હતા.

**મુદ્રક અને મુદ્રણસ્થાન :**

'પુરાતત્વ ત્રૈમાસિકના મુદ્રક ઓક્ટોબર ૧૯૨૨(આસો ૧૯૭૮)થી જુલાઈ ૧૯૨૪(અષાઢ ૧૯૮૦)દરમિયાન પ્રાણજીવન વિશ્વનાથ પાઠક હતા જયારે આ જ સમયગાળા દરમિયાન પ્રસ્તુત સામયિકનું મુદ્રણસ્થાન આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ હતું. જયારે ડિસેમ્બર ૧૯૨૪(માગશર ૧૯૮૧) થી ઓકટોબર ૧૯૨૭(આસો ૧૯૮૩) દરમિયાન પુરાતત્વ સામયિક ના મુદ્રક ચીમનલાલ ઈશ્વરલાલ મહેતા અને મુદ્રણસ્થાન વસંત મુદ્રણાલય , ઘી કાંટા રોડ, અમદાવાદ હતું.

**લેખકો ને સુચના :**

'પુરાતત્વ' ત્રૈમાસિકમાં લેખ પ્રકાશિત કરવા માટે લેખકોને કેટલી સૂચનાઓ આપવામાં આવી હતી

.૧) 'नामूल लिख्यते विचित' એ સુત્રને અનુસરી લેખો મોકલવા.

૨) કાગળની એક જ બાજુ ઉપર સ્પષ્ટ અક્ષરોમાં લખેલા લેખો તરફ જ ધ્યાન આપવામાં આવશે.

૩) લેખકે પોતાનુ નામ અને ઠેકાણું લેખ સાથે મોકલવા.

૪) લેખની નીચે આપવાના પ્રણામો સ્પષ્ટ રીતે જણાવવા અને '૧', '૨', '૩' ઇત્યાદિ ક્રમાંકમાં ગોઠવવા.

૫) પોસ્ટેજ સાથેના લેખને નાપસંદ થતા પાછો મોકલવા પ્રયત્ન થશે .લેખ ગેરવલ્લે જાય તે માટે સંપાદક જવાબદાર નથી.

**આવરણ :**

'પુરાતત્વ' ત્રૈમાસિકનાં આવરણ પૃષ્ઠ પર મોટાભાગના અંકોમાં એક સમાન વિગતો જોવા મળે છે.'પુરાતત્વ' ત્રૈમાસિકનાં આવરણ પૃષ્ઠ ઉપર શીર્ષક, ત્રૈમાસિકનો મુદ્રાલેખ, પ્રકાશન સમય(માસ અને વર્ષ) સામયિકનો પ્રકાર, સંપાદન અને પ્રકાશકનું નામ, લવાજમની વિગતો જોવા મળે છે. આ ત્રૈમાસિકનાં અમૂક અંકોના આવરણ પૃષ્ઠ પર વિષયાનુંક્રમ પણ આપેલો છે.

સૌથી વિશેષ નોંધપાત્ર બાબત પ્રસ્તુત સામયિકનાં અમૂક અંકોનાં આવરણ પૃષ્ઠ પર ભારતીય શિલ્પ સ્થાપત્ય સબંધિત ચિત્રો તેના નામ સાથે જોવા મળે છે. જેમ કે રુદ્રમાળનું તોરણ, સિદ્ધપુર, ચાંપાનેરનો એક જીર્ણ મકબરો, નવાબ સરદાર ખાનની મસ્જીદ-અમદાવાદ.

**કાગળ :**

'પુરાતત્વ' ત્રૈમાસિકનો કાગળ યંત્ર બનાવટનો જોવા મળે છે. તેમજ કાગળની ગુણવત્તા પણ ખુબ સારી જોવા મળે છે જેને કારણે જ પ્રસ્તુત સામયિકનાં અંકો આજે પણ સારી સ્થિતિમાં પ્રાપ્ય છે.

**કાગળનો રંગ અને શાહી :**

'પુરાતત્વ' સામયિક સફેદ રંગના કાગળ ઉપર કાળી શાહીથી મુદ્રિત કરેલું જોવા મળે છે. પ્રસ્તુત ત્રૈમાસિકમાં રંગીન શાહીનો ઉપયોગ ક્યાય જોવા મળતો નથી. આવરણ પૃષ્ઠ પરના ચિત્રો પણ રંગીન નથી.

**પૃષ્ઠ સંખ્યા :**

'પુરાતત્વ' ત્રૈમાસિકની પૃષ્ઠ સંખ્યા નિશ્ચિત ન હતી. પ્રસ્તુત સામયિકનો પ્રથમ અંક ૧૨૧ પૃષ્ઠનો હતો. જયારે બીજો અંક ૧૧૭ અને ત્રીજો અંક ૧૧૧ પૃષ્ઠનો હતો. આમ તેની પૃષ્ઠ સંખ્યા નિશ્ચિત ન હતી.પરંતુ પ્રસ્તુત સામયિકના તમામ અંકોના અભ્યાસને આધારે એટલું સ્પષ્ટ કહી શકાય કે 'પુરાતત્વ' ત્રૈમાસિકનાં તમામ અંકો દળદાર હતા.

**ભાષા અને લિપી :**

પ્રસ્તુત ત્રૈમાસિકની ભાષા અને લિપિ ગુજરાતી હતી. ભાષા અને લિપિનાં સંદર્ભમાં એકવાત નોંધપાત્ર છે કે પ્રસ્તુત સામયિકનાં કોઈ અંકમાં ભાષાકિય ભૂલ હોય તો તેની શુદ્ધિ પણ જે-તે અંકના પાછળનાં ભાગમાં આપેલી જોવા મળે છે જેમકે પુરાતત્વ સામયિકના ગ્રંથ-૫ નાં અંક-૩ માં પૃષ્ઠ નંબર ૧૮૨ પર રહેલી ભાષાકીય ભૂલની શુદ્ધિ તે અંકના છેલ્લા પૃષ્ઠ પર નોંધ કરી આપેલી છે જે આ પ્રમાણે છે. પૃ.૧૮૨ ઉપરની પહેલી લીટીના અંતભાગમાં 'ભા' નથી પણ 'ભ' એમ વાંચવું.

**લવાજમ :**

'પુરાતત્વ' ત્રૈમાસિકનું વાર્ષિક લવાજમ પાંચ (૫) રૂપિયા હતું. જ્યારે પોસ્ટ દ્વારા કોઈ અંક મંગાવવા માટે વધારાના ૮ આના આપવાના થતા હતા. પરંતુ જાન્યુઆરી ૧૯૨૬ (પોષ,૧૯૮૨) થી તેના વાર્ષિક લવાજમમાં વધારો કરવામાં આવ્યો હતો. અને વાર્ષિક લવાજમ પાંચ રૂપિયા ૧૨ પૈસા નક્કી કરવામાં આવ્યું હતું.

ઉપરાંત 'પુરાતત્વ' ત્રૈમાસિકનાં છુટક નકલ માટેની કીંમત ૧ રૂપિયા ૮ પૈસા હતી અને પોસ્ટેજ ખર્ચ અલગથી દેવાનો થતો હતો.

**મુદ્રાલેખ :**

'सत्यं परं धीमहि' પુરાતત્વ ત્રૈમાસિકનો મુદ્રાલેખ હતો અને આ મુદ્રાલેખ પુરાતત્વ સામયિકના તમામ અંકોના આવરણ પર જોવા મળે છે.

**જાહેર ખબરો :**

'પુરાતત્વ' ત્રૈમાસિકમાં કોઇ ચીજવસ્તુના વેચાણ સંબંધી જાહેરાતો જોવા મળતી નથી. પરંતુ પ્રસ્તુત સામયિકના મોટાભાગના અંકોમાં સાહિત્ય અને શિક્ષણ ના પ્રચાર અને પ્રસાર અર્થે કેટલીક જાહેરાતો જોવા મળે છે જેમ કે શ્રીમદ રાજચંદ્ર જ્ઞાન ભંડારમાં આવતા ચોપનીઆમાંના પુરાતત્વવિષયક લેખોની યાદી. જેમાં પુરાતત્ત્વ વિષયને અનુલક્ષીને વિવિધ વિદ્વાનો દ્વારા પ્રકાશિત લેખોની માહિતી મળે છે. તદ્ઉપરાંત પ્રસ્તુત સામયિકમાં ગૂજરાત વિદ્યાપીઠ તરફથી પ્રકાશિત પુરાતત્વ મંદિર ગ્રંથાવલીની જાહેરાત આપેલી છે જેમાં વિવિધ ગ્રંથો, તેમના લેખકો, તેની વેચાણ કીંમત સબંધિત વિષયો જોવા મળે છે ઉપરાંત ક્યા-ક્યા નવા ગ્રંથો તૈયાર થઈ રહ્યા છે તેની જાહેરાતો પ્રસ્તુત સામયિકમાં જોવા મળે છે.

અન્ય કોઈ વસ્તુ કે ઉત્પાદનની જાહેર ખબરનાં બદલે ફક્ત સાહિત્ય-શિક્ષણ સબંધિત જાહેરાતોનું જ પ્રકાશન આ સામયિકની વિશેષતા કહી શકાય.

**વિશેષાંક :**

'પુરાતત્વ' સામયિકનો કોઈ વિશેષાંક પ્રાપ્ત થઈ શક્યો નથી.

**લેખકો :**

આ ત્રૈમાસિકનાં લેખકોમાં પ્રકાશક અને સંપાદક રસિકલાલ છોટાલાલ પરીખ ઉપરાંત નીચે મુજબના લેખકોના અંકો પ્રકાશિત થયેલા જોવા મળે છે.

| | |
|---|---|
| - દતાત્રેય કાલેલકર | - હિરાલાલ શાહ |
| - હીરાલાલ પારેખ | - મુનિ જિનવિજય |
| - પંડિત સુખલાલ સંઘવી | - રામનારાયણ પાઠક |
| - ન્હાનાલાલ શાહ | - ધર્માનંદ કોસમ્બી |
| - જેઠાલાલ ચી. સ્વામિનારાયણ | - નારાયણ ખેર |
| - નરહરિ પરીખ | - હરિહર ભટ્ટ |
| - મુનિ પુણ્યવિજય | - પ્રાણજીવન પાઠક |
| - અબ્દુલ ઝફર નદવી | - દુર્ગારામ શાસ્રી |
| - બેચરદાસ જી. દોશી | - ભગવાનલાલ ઈન્દ્રજી |
| - નરસીંહભાઈ ઈશ્વરભાઈ પટેલ | - કેશવ દપ્તરી |
| - હર્માન ચાકોબી | - ચુનીલાલ બારોટ |
| - છોટાલાલ શાહ | - શ્યામલાલ ભગવતી |

- વાલજી ગોવિંદજી દેસાઈ

**રજુઆતની શૈલી** :

'પુરાતત્વ' ત્રૈમાસિકનું લખાણ એક કોલમમાં જોવા મળે છે.

'પુરાતત્વ' ત્રૈમાસિકના ઘણા અંકોમાં મુખપૃષ્ઠ પર ઐતિહાસિક શિલ્પો અને સ્થાપત્યોનાં ચિત્રો આપેલા છે અને તેજ અંકના છેલ્લા ભાગમાં આ ચિત્રની વિગતવાર સમજુતી આપેલી છે. જેમાં તે ચિત્ર ક્યાં સ્થાપત્યનું છે, તેનો નિર્માણ સમય અને અન્ય વિશેષતાની સમજ આપેલી છે.

'પુરાતત્વ' ત્રૈમાસિકનાં એક વર્ષ દરમિયાન પ્રકાશિત થતા ચાર અંકોમાં સળંગ પૃષ્ઠ ક્રમાંક આપવામાં આવેલો છે જ્યારે બીજા વર્ષે પ્રકાશિત થતા નવા અંકોમાં પૃષ્ઠ ક્રમાંક નવેસરથી આપવામાં હતો અને તે વર્ષના તમામ અંકોના સળંગ જોવા મળતો હતો.

**<u>સંદર્ભ</u>**

૧. રસિકલાલ છોટાલાલ પરીખ (૧૯૨૫), 'પુરાતત્વ', ગ્રંથ-૩, અંક-૩, પૃ.૨૭૮

૨. રસિકલાલ છોટાલાલ પરીખ (૧૯૨૨), પુરાતત્વ મંદિરની યોજના, 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૧, પૃ. ૫

૩. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (૧૯૨૨), 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૧, પૃ. ૫

૪. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (૧૯૨૨), 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૧, પૃ. ૭

૫. દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકર (૧૯૨૨), 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૨, પૃ. ૩૭

૬. પંડિત સુખલાલ (૧૯૨૩), 'ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ', 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૨, પૃ. ૧૯૯

૭. નારાયણ મોરેશ્વર ખરે (૧૯૨૩), 'ભારતીય સંગીતનું ઐતિહાસિક અવલોકન', 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૩, પૃ. ૨૫૨

૮. ચુનીલાલ બારોટ (૧૯૨૪), 'પરદેશી મુસાફરોએ કરેલા અમદાવાદના વર્ણનો', 'પુરાતત્વ', ગ્રંથ-૨, અંક-૨, પૃ. ૧૯૭

૯. અબુલ ઝફર નદવી (૧૯૨૫), 'ગુજરાતના ઇસ્લામી ઇતિહાસની ઇસ્લામી ગ્રંથ સામગ્રી', 'પુરાતત્વ', ગ્રંથ-૩, અંક-૨, પૃ. ૧૨૯